
# જૈન ધર્મ અને પ્રતિક્રમણ

(અધ્યાપક શ્રી પ્રવિણચંદ્ર ભોગીલાલ શેઠ)
શ્રી રાજેન્દ્રસૂરિ જ્ઞાન મંદિર, રતનપોળ, અમદાવાદ

જૈન ધર્મમાં પ્રતિક્રમણનું ઘણું જ મહત્ત્વ છે. મહત્ત્વ એ એક એવી બાબત છે કે મહત્ત્વ જળવાય તો મહત્ત્વની કિંમત નહિ તો મહત્વનો અર્થ કંઈ રહેતો નથી.

પ્રતિક્રમણનો સામાન્ય અર્થ થાય છે પાપથી પાછા હઠવું. સંસારી જીવો સંસારની દૈનિક પળોજણમાં જો જયણા ન રખાય તો સંસારની દૈનિક પ્રવૃત્તિઓમાં અનેક પ્રકારનાં નાનાં મોટા પાપ જાણે અજાણે મનથી વચનથી કે કાયાથી થઈ જાય છે. જયણાને ધર્મની માતા કહેવાય છે. ખરેખર તો જયણાનો સામાન્ય આપણી ભાષામાં અર્થ કરીએ તો 'સાવચેતી' થાય છે. તેનો મતલબ છે કે હાલતાં-ચાલતાં, ઉઠતાં-બેસતા, ખાતાં-પીતા, ધંધો રાજગાર કરતાં સાવચેતી રાખવી એનું નામ ધાર્મિક રીતે જયણા છે. આજે મોટર કે સ્કૂટર ચલાવનાર પુત્રને પિતા જરૂર કહેશે કે ભાઈ વાહન ચલાવતાં સાવચેતી રાખજે. આ સાવચેતી ફક્ત આ નશ્વર શરીરને કોઈ પણ પ્રકારના એક્સીડેન્ટ દ્વારા હાની ન પહોંચે એ માટેની છે. પરંતુ જે આત્મા શાશ્વત છે તે આત્માને કોઈપણ કાર્ય કરતાં પાપનો પાસ ન લાગે તેની સાવચેતી રાખવા કોઈ પણ પિતા પોતાના પૂત્રને કહે છે ખરો? અને એટલે જ જયણા વગરની અનેક પ્રકારની દૈનિક પ્રવૃત્તિ કરતાં આપણા જેવા સંસારના પામર પ્રાણીને અનેક પ્રકારનાં નાનાં મોટા પાપનો રંગ અડી જાય છે જેમકે પોતાના સ્વાર્થ ખાતર જૂઠું બોલી કોઈના આત્માને દુભવવાથી મૃષાવાદ વિરમણ વ્રતનો ભંગ તેમજ પ્રાણાતિપાત વિરમણ વ્રતનો ભંગ થાય છે. અને એ રીતે થતાં પાપોની માફી માંગવા માટે પાપથી પાછા હઠવા માટે આપણે સાંજનું દેવસિક-પ્રતિક્રમણ કરવું જોઈએ અને કરીએ છીએ અને એજ રીતે રાત્રિ દરમ્યાન પ્રવૃત્તિમય જીવન ન હોવા છતાં પણ શારીરિક રીતે નહિ તો માનસિક રીતે અનેક પ્રકારનાં અશુભ સંકલ્પો-નિર્ણયો કલ્પનાઓ કરી આપણે પાપની પ્રવૃત્તિ કરીએ છીએ અને મનથી પાપ કરીએ છીએ. આણે મારું આમ કર્યું હું એને બતાવી દઈશ. આને તો છોડીશ જ નહિ - પાડી દઈશ. આવા કલ્પનાના ઘોડા દોડાવી આપણે માનસિક રીતે દુઃખી થઈએ છીએ. અને આપણે કલ્પેલા વિચારો અમલમાં પણ મૂકી શકતાં નથી છતાં તેનાથી પાપકર્મનું બંધન થાય છે અને ઊંઘમાં - નિદ્રામાં કે તંદ્રામાં કે પછી સ્વપ્નમાં કોઈનું ખરાબ ચિંતવન થઈ જાય છે. તેવા પાપથી તેમજ આપણે જૈન હોવા છંતા રાત્રિ-ભોજન-અભક્ષ્યસેવન આદિ ઈરાદા-પૂર્વક કરીએ છીએ. તેનાથી થતાં પાપકર્મથી પાછા વળવા માટે વ્હેલા પરોઢિયે રાઈ પ્રતિક્રમણ આપણે કરીએ છીએ. આ બન્ને સમયનાં પ્રતિક્રમણ બન્ને પ્રતિક્રમણ



શ્રી પ્રવીણચંદ્ર શેઠ

વચ્ચેના ૧૨ કલાકનાં ગાળાની પાપમય પ્રવૃત્તિની માફી માંગી તેનાથી પાછા વળવા માટે કરવામાં આવે છે.

હવે સવાલ એ છે કે આપણે પ્રતિક્રમણ કરી ૧૨ કલાક દરમ્યાન કરેલા પાપની ક્ષમા માંગીએ છીએ પરંતુ તે પ્રતિક્રમણ કર્યા પછી ફરી એવાં જ પાપ ન થાય - ન કરાય કે ન કરીએ એવું બને છે ખરું ?

કોઈપણ એક વ્યક્તિ આપણી પાસેથી ઉધાર રકમ લઈ જાય અને તેની મુદત થતાં તે પાછી ન વાળે અને માફી માંગે કે ભાઈ તમારા પૈસા આપી શકતો નથી, તો માફ કરશો અને પછી તે વ્યક્તિ ફરી પૈસા માંગી કહે કે હવે તો પહેલાંના અને આજે આપો તે પૈસા એક મહિનામાં આપી દઈશ તેની ખાત્રી રાખશો, તો ફરી તમો એને પૈસા આપશો ખરા ? અને કદાચ આપી પણ દો અને ફરી એ મુદત પરી થતાં રકમ ન પાછી આપે અને માફી માંગી ફરી ઉધાર માંગે તો તમો શું કરશો ? જવાબ તમારે આપવાનો છે છતાં હું આપુ છું તમો આ વ્યક્તિને હવે ઊભી રહેવા નહિ દો તો પછી તમો પોતે દરરોજ સાંજે અને પરોઢે પ્રતિક્રમણ કરી પાપની માફી માંગી ફરી બીજે દિવસે ગઈકાલનાં જ કરેલાં પાપનું પુનરાવર્તન કરો તો તમોને પાપની માફી કોણ આપશે ? પાપથી તમો મુક્ત કઈ રીતે થઈ શકશો ?

કહ્યુ છે કે :–

જન્મી અરે આ જગતમાં બોલો તમે શું શું કર્યુ ?
પાપ કે પુણ્યનું કહો કેટલું ભાતું ભર્યું ?
હિસાબ પડશે આપવો તે કાંટાની માફક ખૂંચશે
પણ યાદ રાખો પ્રભુ તમોને એજ પ્રશ્નો પૂછશે

પ્રભુ એટલે આત્મા. આપણો આત્મા જ આપણો હિસાબ લેશે. કરેલાં પાપકર્મને ભોગવ્યા વિના છૂટકો નથી અને પાપકર્મોનો ઉદય અનેક જન્મોનું કારણ બને છે અને પ્રત્યેક જન્મ પાપકર્મોનાં ઉદયથી અનેક પ્રકારની વિંટબણાઓથી ભરેલો જ હશે તે સમયે આત્માએ જે ખોળીયું કર્યુ હશે તે શરીરને અનેક પ્રકારનાં કષ્ટ પડશે. અને એ કષ્ટમય જીવન આત્માને વધુને વધુ પાપ માર્ગે ધકેલતું જશે. અને મોક્ષ સુખનો અભિલાષી આત્મા ચોરાશી લાખ જીવાયોની ભટકતો ભટકતો પોતે પોતાનો જ હિસાબ લેશે અને કહેશે

ક્યાં ભવનાં આ આડાં આવ્યાં ?
કેવી નરકમય જીંદગી જીવવી પડે છે
આનાથી તો મોત સારું
ભગવાન હવે તો લઈ લેતો સારું



क्रोध भयंकर आग है, समझो जयन्तसेन ।
हिंसा ताण्डव यह करे, तन मन सब बैचेन ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માના આવા ઉદગારો એટલે જ પાપ પુણ્યના હિસાબની માંગણી દૈનિક દેવસી-રાઈ બે પ્રતિક્રમણ કરતાં આપણે મહિનામાં બે દિવસ સુદ અને વદ ૧૪ ના દિવસે પક્ખી પ્રતિક્રમણ કરીએ છીએ જેનાથી દરરોજ થતાં પ્રતિક્રમણમાં કોઈ પણ પાપથી પાછા વળવાનું રહી ગયું હોય તો તે પંદર દિવસના અંતરે આવતાં આ પ્રતિક્રમણમાં તેની માફી માંગી લેવાય છે. અને દર પંદર દિવસે થતાં પ્રતિક્રમણમાં કોઈ પણ પ્રકારની માફી માંગવાનું રહી ગયું હોય તો દર ચાર માસે આવતા ચોમાસી પ્રતિક્રમણમાં માફી માંગવામાં આવે છે અને તેમાં પણ ચુક થઈ જાય તો વરસમાં એક વાર થતાં સાંવત્સરિક પ્રતિક્રમણમાં આખા વરસ દરમ્યાન કરેલાં પાપ કર્મની માફી માંગવામાં આવે છે અને પાપ વ્યાપારથી પાપકર્મથી પાછા વળવાનો નિર્ણય કરવામાં આવે છે આપણા જૈન ધર્મમાં પાપથી પાછા ફરવા માટે કેટલી સરસ જોગવાઈ કરવામાં આવી છે.

પરંતુ આપણે 'મેહળીયા પથ્થર' જેવા છીએ મેહળીયો પથ્થર એવો છે કે તેને ગમે એટલી વાર પાણીથી ધુઓ એને પાણી અડશે જ નહિ. સુકો ને સુકો જ રહેશે. એ રીતે આપણે ગમે એટલાં પ્રતિક્રમણ કરીએ પરંતુ પાપ કરવાથી લેશ પણ પાછા હટતા નથી. હટવાના નથી. કારણકે પ્રતિક્રમણનાં સુત્રોના ભાવ-ભાવાર્થ આપણે જાણતા નથી એટલે યંત્રવત પ્રતિક્રમણ ભણાવનાર બોલે જાય અને આપણે કાઉસગ્ગ કરે જઈએ કે મુહપતિ પડીલેહન કરે જઈએ એ સિવાય આપણા આત્મામાં પ્રતિક્રમણનો લેશ પણ સ્પર્શ થતો નથી.

ટી.વી કે રેડીયો પર કોઈ ગાયન આવે તો નાનું છોકરું પણ નાચવા લાગે છે. અને તેનાં મા-બાપ એની વાહ-વાહ કરે છે કેવું નાચે છે. અને ખરેખર એક નાનું બાળક પણ સંગીતના તાલમાં તાલ પુરાવે એટલું તલ્લીન થઈ જાય છે જ્યારે આપણે પ્રતિક્રમણ કરતી વખતે કાઉસગ્ગ આવે ત્યારે મોટા અવાજે અને બે વખત બોલવું પડે છે. અને છતાં પણ પ્રતિક્રમણ કરનારાઓમાંથી કોઈ કોઈ તો જરૂર પૂછશે ભાઈ કેટલા નવકારનો કાઉસગ્ગ. પ્રતિક્રમણની મહત્તા આપણે ક્યાં લઈ ગયા છીએ એ આજના આપણા આવા પ્રસંગો તેની પારાશીશી જેવા છે અને આમ હોય તો પછી અનેક પ્રતિક્રમણ કર્યા છતાં આપણે પાપથી છુટકારો ન પામીએ એમાં નવાઈ શું ?

ખરેખર એક જૈન તરીકે પ્રતિક્રમણ કરતી વખતે તેમાં બોલાતા સુત્રોનો ભાવાર્થ સમજવો જોઈએ અને દરેક સુત્રો વખતે તેમાં તલ્લીન થઈ તે સુત્રના ભાવાર્થ મુજબ આપણા મનના તાર ઝણ-ઝણી ઉઠવા જાઈએ. અને એમ થાય તો પ્રતિક્રમણ કર્યાની સાર્થકતા છે બાકી આજે તો સાંવત્સરિક પ્રતિક્રમણ કરીને જેના મનને કોઈ દિવસ દુભાવ્યું નહિ હોય તેની સાથે મિચ્છામી દુક્કડમ્‌ની લેવડ-દેવડ કરાશે. પરંતુ વરસોથી અબોલા લીધેલા બે સગા ભાઈઓ એક બીજાને મિચ્છામી દુક્કડમ્ તો નહિ આપે પરંતુ દિન પ્રતિદિન એક બીજા પ્રત્યે કટુતા વધતી જોવામાં આવશે. ખરેખર તો આપણે કોઈનાં પણ મનને જરા પણ દુઃખ પહોંચાડ્યુ હોય તેવી વ્યક્તિને તે દુઃખની યાદ અપાવી માફી માંગવી અને તે પણ ચતુર્વિધ સંઘ સમક્ષ માંગવી. તે પ્રતિક્રમણની યથાર્થતા છે. અને તો જ પ્રતિક્રમણનું મહત્વ જળવાઈ રહેશે અને આત્મા ધીરે ધીરે પાપના બોજાથી હળવો થઈ શકશે.

---

**(અનુસંધાન પાના ક્ર. ૭૫ ઉપરથી)**

"જે સ્ત્રીએ પોતાના પતિને પહેલી વખત વફાદાર રહેવાનું વચન આપ્યું છે, તેણે પોતાની વફાદારી માટે ફરીથી કંઈ દેખાવ કરવાની જરૂર રહેતી નથી. તેવી રીતે ભગવાનને પોતાની વફાદારી બતાવવા કોઈ વિશેષ ક્રિયાની જરૂર નથી."

મહાત્મા કહે છે " જે સાધક સિધ્ધીઓ અને ચમત્કાર બતાવી શકે છે, જે મુડદાને પણ જીવતાં કરી શકે છે, તેનાં કરતાં જે સાધક પોતાની અંદર શરણભાવથી રહે છે, તે ભગવાનને વધારે માન્ય છે."

મહાત્મા અનેક પ્રકારના ધ્યાન - યોગ અને ક્રિયાઓથી થતાં સહજ આવતા ચમત્કારોમાં ન અટકવાનો અનુરોધ કર્યો છે. શ્રીમદ્દે લખ્યું છે.

"ચમત્કારથી જે યોગ સિદ્ધ કરે, તે યોગી નહિ" લોકેષણા વિષે ચેતવણી આપતાં મહાત્મા કહે છે. "જે માણસને વખાણ ગમતાં નથી. જે વખાણને શોધતો નથી, જે વખાણથી દૂર રહે છે, છતાં વખાણ જ્યારે મળે ત્યારે જે આનંદ માને છે તે પૂરી દીનતા પામ્યો નથી. પોતે બધા પ્રસંગોમાં શાંત અને અચળ રહેતો હોય તો પોતાના વખાણ એને દુઃખ રૂપ લાગે છે."

## વિજ્ઞાન અને અધ્યાત્મ :

મહાત્મા કહે છે " વિજ્ઞાન સાયન્સનું જ્ઞાન એ પ્રકૃતિનું જ્ઞાન છે. દિવ્યજ્ઞાન ભગવાનનાં મહિમાનું જ્ઞાન છે. ભગવાનનું જ્ઞાન અંદરથી મળે છે. પહેલા પ્રકારનું જ્ઞાન એવું હોય છે કે જે મુશ્કેલીઓ અને પ્રયત્ન વગર મળતું નથી. બીજા પ્રકારના જ્ઞાનમાં જો કે પોતે બધું જાણે છે, તો પણ જણાવાની ઈચ્છા કરતા નથી. એક શબ્દમાં કહીએ તો સાયન્સવાળા માણસો જગતની વસ્તુઓના જ્ઞાન માટે પ્રયત્ન કરે છે અને ડાહ્યા માણસો ભગવાનમાં જ લય પામી જીવે છે.

ડાહ્યા માણસમાં આત્માની સરળ ઉચ્ચતા આવે છે કે જેનાથી પોતાથી નીચે રહેલી તમામ વસ્તુઓને સ્પષ્ટ રૂપે જુએ છે".

નિગ્રંથ પ્રવચનમાં કહ્યું છે "જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું. એક ને જાણ્યો તેણે સર્વેને જાણ્યો."

છેલ્લે મહાત્મા મોલીનસ કહે છે " જે જીવને પૂર્ણ થવું હોય તેણે પોતાની વાસના છોડવી, પછી પોતાને છોડવો, પછી ભગવાનની મદદથી શૂન્ય થઈ જવું.

શૂન્યને રસ્તે ભગવાનમાં તને ખો. તને ખોઈ શકે તો સુખી થઈશ. તેમાં પાછો જીવતો થઈશ. શૂન્યના કારખાનામાં સાદાઈ ઉત્પન્ન થશે. અંતર્ભાવ જાગૃત થશે. શાન્તિ મળશે. હૃદય પવિત્ર થશે, અપૂર્ણતા જતી રહેશે."

પ્રારંભમાં મહાત્મા મોલીનસ કહે છે " બધા માણસને રાજી રાખવા, તેના કરતાં વધારે મુશ્કેલ કોઈ કામ નથી. અને પૃથ્વી ઉપર જેટલા પુસ્તક છપાય છે, તેની નિંદા કરવા જેવું બીજું કોઈ સહેલું કામ નથી. જેટલાં પુસ્તક પ્રસિદ્ધ થાય છે, તે બધાને આ અગવડ નડે છે; ત્યારે ન્હાના પુસ્તકનું શું થશે ? તેની વસ્તુ ચમત્કારી છે, પણ સ્વાદ વગરની અને સામાન્ય માણસની નિંદા પાત્ર થાય એવી છે.

તને તે સમજાય નહિં, તેની હરકત નહિં, પણ તેની નિંદા કરીશ નહિં."

ભગવાન પ્રત્યે અપ્રતિમ અનુગ્રહ, શરણભાવ, શૂન્યભાવ- થી સભર મહાત્મા મોલીનસના પુસ્તકના રૂપાંતરકારે એનું નામ 'સેવાકૂંજ' આપ્યુ છે.

વૃંદાવનમાં એક સ્થાન એવું છે જ્યાં ભગવાને ભક્તની સેવા કરી હતી. તે સ્થાનને 'સેવાકૂંજ' કહે છે.

ભગવાન શ્રીકૃષ્ણે સારથિ બનીને ભક્ત અર્જુનની સેવા કરી એટલું જ નહિં પણ યુદ્ધ વખતે દર સાંજે શ્રી કૃષ્ણ અર્જુનની સેવા કરતા. અર્જુનનાં વાળમાંથી પણ રૂકમણી ને કૃષ્ણ કૃષ્ણનો ધ્વનિ જ સંભળાયો હતો ! ભક્તિનો મહિમા અપરંપાર છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org